ખંભાયત.

ટોળકીયા ગ્નાતીના નીયમ.

ખંભાયત

ટોળકીયા જ્ઞાતીના નીયમ.

જ્ઞાતી સમસ્તની આજ્ઞાથી.

બનાવનાર

કૃપાશંકર પ્રભાશંકર સ્વસ્થાનનાં સરકારી

વકીલ ને કેટલીએક જાહેર સભા

ઓના મેમ્બર તથા

સેક્રેટરી.

સુરત મધે

કીલ્લાની સામે અબદુલ્લા બેગવાળી હવે-

લીમાં સુરત વિકટોરિયા પ્રેસમાં

ટેમુલજી બેરામજીએ

છાપ્યા.

સંવત ૧૯૩૮. સને ૧૮૮૨.

પ્રસ્તાવના.

આ નીમ બાંધવાનું કારણ ઉતપંન થવાની મતલબ એવી છે કે આ જ્ઞાતીનાં કેટલાએક ગ્રહસ્થોનું ધંધાના કારણસર મદેશમાં વધારે રેહેવું થાએ છે. રહેલા ગ્રહસ્થોમાં વધારે ભાગના જંખાના કારણ શીવાએ જ્ઞાતીના સુધારાના કામોમાં મદદ કરવા બેદરકારીપણું રાખતા જણાય છે. જેઓ કાંમ ચલાવનાર છે તેમણે હીતની એક વાત કહી તો તે ફેરવવી એવો અભીમાન રહે છે. પછી તે ખરી અગર ખોટી, આ જોવાનું નથી. આમ થવાથી સ્વધર્મના રક્ષણ માટે અધીરાપણું રેહેતાં જ્ઞાતીની ઉપજ ખરચના હીસાબની સ્થીતી નબળી થઇ શીલકમાં સુન્ય પડવાનો ભાસ થવા લાગ્યો. જ્ઞાતી વરા કમી થવાના બદલામાં દીનપર દીન ઘીઇની ત્રાંમડીઓ વ્રધી પામતી જોવામાં આવતી જાય છે. તે શક્તી ઉપરાંત છે કે નહીં, આની તુલ્યના થતી નથી. તેમજ જમણવારોમાં અગણીત પરજ્ઞાતીના બ્રાહ્મણો મધ્યમાં બેસી જમી જાય છે. ડેલીઆઓ કથરોટ લેઇ પીરસવા જવા સુધીની હીમત ધરાવવાનો પ્રકાસ જણાવવા લાગ્યો. કોઇએ જ્ઞાતીમાં કંઇ ચીજ અરપણ કરેલી હોય તેના દાખલાનો આધાર દફતરમાં નહીં. આવી અંધાધુંધી ને આળસાઇથી મીથ્યા અભીમાન ને કુળના બળનો ડોળ રાખી યોગ્ય કારણો શીવાય એક સ્ત્રી છતાં બીજીવાર લગ્ન કરવાના આરંભો વ્રધી પામતા જણાવા લાગ્યા. તેમજ કેટલીએક સ્ત્રીઓએ મર્યાદા રહીત આચરણો ચલાવતાં અઘોર અપરાધ જેવાં કૃત્ય કરવા હીમત ધરાવવા શરૂ કરતી જણાવવા લાગી. આ સરવે હકીકતનો વીચાર કરતાં (સમંધ, સરમ ને મુરબત)નુ રક્ષણ કરી દુરાચરણમાં વ્રધી થવા દેવી એ ઉંચ જ્ઞાતીની સત્ત કીરતીને દાશાણ યુક્ત થયા વીના રહે નહીં એવો યોગ્ય પ્રમાંણીક ને ધર્મરક્ષક ઘણા ગ્રહસ્થોનો એકમત થએ પોતાનું ને પ્રજાનું શુભ ઇછી આ નીમ લખવા આજ્ઞા કરવામાં આવી છે.

સદરહુ નીમ તઇઆર કરી છપાવી સ્થાનમાં તથા પરદેશ ગએલા સરવે ભાઇઓને તે મનન કરવામાં આવે ને તે પ્રમાણે વરતાએ એવી ધારણા

ઘણી મુદતથી ચાલુ હતી, દરમીઆન સદરહુ ધારણાની રહેલી અપીક્ષા પુર્ણ થવાનો ખરડો જ્ઞાતોના પંડયા કૃપાશંકર પ્રભાશંકર વડોદરાની હાઈ કોર્ટના વકીલ ને ડભોઇ આ—મ્યુનીસીપાલ ક્યાંમેટીના મેંબર ને આ શેહેરમાં લાઈબ્રેરી સ્થાપન કરનારે રજુ કર્યો તે ઘણા માન્યની સાથે પસંદ કરવામાં આવ્યો છે.

સદરહુ ખરડા પ્રમાણેનો નીમ આ જ્ઞાતીના સુધારાના કારણસર હાલ સ્થાપન થાય છે. માટે તેમાં કેટલીએક જગોએ યોગ્ય વિચાર કરવામાં આવશે એવા શબ્દો મોઘમ રાખેલા છે. તેનું કારણ એટલુંજ છે કે સોંતતાથી સરવેને સુરલભ રીતે લાભ મળવામાં વીઘ્ન રહેવાનો સંભવ રહે નહીં.

હું આ નીમ લખનારે મારી અલ્પ બુધીવડે જ્ઞાતીના કેટલાએક સુજ્ઞ ગ્રહસ્થોની ઉલટ ભરેલી સાહેતાથી મેં મારી ફરજ અદા કરેલી છે.

હું જ્ઞાતીમાં પટલઇ અગર આગેવાનપણું ધરાવવાના ધંધાની ઇછા રાખનો નથી. જ્યાંહાં સુધી સુગ્ર બુધીથી સરવેનું રૂડુ ચાહાવાની બુધી કાયમ રેહે ત્યાંહાં સુધી ઇશ્વર માહારૂ રક્ષણ કરો.

આ નીમ લખવામાં જે જે ગ્રહસ્થોએ મને અંતસકરણ પુરવક ઇછા બતાવી વખતે વખત યોગ્ય સુચનાઓ આપેલી છે તેમનો ઉપકાર માની આ જગોએ નામ દાખલ કરવા ધારણા હતી, લેકીન તેમાં નજીવા કારણથી હું મારી ઉમેદ હાંસલ કરી શકતો નથી, પરંતુ તેમના નામની ટીપ આગલ દાખલ કરવામાં આવશે.

આ નીમ લખવાના આરંભથી તે આખર સુધી વખતે વખત વડોદરાની સરકારી ૧ પેહેલા નંબરની ગુજરાતી સ્કુલના વિદ્યાર્થી પંડયા ભાઇશંકર દામોદરે મને ઘણી સારી મદદ આપેલી છે.

ટોળકીઆ જ્ઞાતીના નીયંમ.

આપણો સ્વધર્મ જ્ઞાતી અભીમાન ને તેની મર્યાદા આ સરવેના રક્ષણમાં વ્રધી થાય ને તેમાં દીનપર દીન સારાં ઉતેજન મળતાં જાય. આવી જ્ઞાતીના ઘણા ગ્રહસ્થોની ઇછા થવાથી આ નીમ ઠરાવી તેના છેવટ ભાગમાં મંજુર ગણનાર.ઓએ પોતાની સહીઓ કરી છે. આવા સમુદાયના શુભ કાર્યમાં પોતાની તથા વડીલોની લજા, કુળ તથા જ્ઞાતીનો અભીમાન ને સુનીતીએ વરતવાની પ્રેરણા આ સરવે બાજુ ઉપર રાખી કદાચીત કોઇ તેવા ગ્રહસ્થ કંઇ મતલબથી યા દ્વેશથી આ નીમ સામા પસંદ કરવા લાએક ખરડો રજુ કરશે નહીં, તેમ થએલામાં યોગ્ય વાંધો બતાવે નહીં, તથા તેનુ કારણ જણાવે નહીં ને એમાં સહી કરશે નહીં અગર નીમસર ચાલવા ના કહેશે તેવા પ્રમાણીક ગ્રહસ્થ અથવા ગ્રહસ્થો વીશે જ્ઞાતી યોગ્ય વીચાર કરશે.

જ્ઞાતીમાં સ્વધર્મ ને ઉતેજન મળતાં કારભાર તથા લૌકીકમાં સત કીર્ત્તિની વ્રધી થાએ ને સર્વ શકતીવાન ઇશ્વરનો દયા ભરેલો આશરો આપણા ઉપર કાએમ રહે એવી પ્રાર્થના છે.

(૧) ચાલતા વહીવટની પુર્વે જ્ઞાતીના કારભારના ઉપરીપણા તરીકેનું કામ પંડયા દુલભરામ કૃષ્ણારામ કરતા હતા તે ગુજરી ગયા બાદ જ્ઞાતીની ઉપજ ખરચ તથા દેવા લેણાની વ્યવસ્થાનો હીસાબ તથા હેવાલ આજ દીન સુધી જાહેરમા આવ્યો હોય એવું માનવા આધાર મળ્યો નથી.

(૨) સદરહુ હીસાબ વીશે સંવત ૧૯૧૧ થી તે સંવત ૧૯૩૫ સુધીના નામા તરીકેની એક ચોપડી મળી આવી છે તેમાંથી જમાની તથા ખરચની રકમો જ્ઞાતીના નવીન નમુનાની ચોપડીમાં દાખલ કરવામાં આવી છે.

(૩) મળેલા હીસાબ ઉપર સુક્ષમ વીચાર કરતાં એવું જણાય

છે કે પાછળના ચાલતા આવેલા રીવાજને અનુસરતો અડસટો છે. કારણ જમો, ઉદ્યોગી, ધનાઢ્ય, નીસપ્રહ, વીસવાસુ હોવા જોઇએ. કેમકે તેઓમાં જે કરતા હશે તેજ સરવ કારભાર ચલાવે તે ઉપર બીજા વીશવાસ રાખતા હોય એમ અનુમાન જાય છે. તેથી પાછળના જુના હીસાબનો એક પણ દાખલો મળી આવતો નથી.

(૪) પંડ્યા દુલભરામ કૃષ્ણારામ કૈલાસવાસી થયા બાદ કોઇએ કોઇને જ્ઞાતીના કારભારમાં નાંખ્યા બદલ માનવા લાએક સાધન નથી. તેમજ કારભાર ચલાવનારને જ્ઞાતીએ અમુક (હક) મળવા ઠરાવ કર્યો હોય ને તે માન્ય કરવામાં આવેલો છે એવું લખવા આધાર નથી. માટે ચોપડીમાં જુનો હીસાબ બંધ કરી શેરો લખ્યા બાદ આગળ નવીન ઉપજ ખરચનો કારભાર ચાલવાનો તે છેવટની–૨–૩માં દાખલ કરેલા નમુના પ્રમાણે રાખવાનો ઠરાવ કર્યો છે.

(૫) વાણીએઇ રીત પ્રમાણે જમા ખરચ લખવાનો વહીવટ હતો એવું મળેલી ચોપડીથી જણાય છે. પરંતુ તે ચોપડીના લખાણમાં અપૂર્ણ છતાં જોઇતા ખુલાસા સમજવામાં અવઘડ જણાયું છે, માટે તેવોજ વહીવટ રહેવાથી હાલની પ્રજામાં દીનપર દીન વીદ્યાનો પ્રકાસ થતો જાય છે, તો તે વીદ્યાર્થીઓને સમજવામાં કોઇ તરેહનો અંદેશો રહે નહીં. કેટલીએક જ્ઞાતીઓમાં પોતાની જ્ઞાતીની ઉપજ ખરચના હીસાબ છપાવી દેશ પરદેશાના ભાઇઓને જણાવવામાં આવે છે. તે જોતાં આપણા ઘણા ભાઇઓ ધંધાના કારણસર પ્રદેશમાં રેહે છે, માટે આપણે તેવી ઇછા રાખી છપાવી સરવે ભાઇઓને જણાવવાનો ઇરાદો ધારીએ તો નવીન દાખલ કરેલી હીસાબ લખવાની રીતથી સુગમ પડશે એમ જણાએ છે.

(૬) જ્ઞાતીની ઉપજની સીલક ખરચના હીસાબ તથા વાસણનુ સ્વરક્ષણ ને વ્યવસ્થા સારૂ તથા જ્ઞાતીના સંબંધે જે જે કારભાર ચલાવવા યોગ્ય હોય તે નીતીની સાથે ચલાવવા માટે યોગ્ય જોઠવણ રેહેવી જરૂર છે એવું સરવેની નજરમાં આવ્યાથી નીચે મુજબ જોઠવણ રેહેવા ઠરાવ કરવામાં આવ્યો છે.

અધ્યક્ષ.

પંડ્યા કીરપાશંકર રૂપરામ.

હીસાબ રાખનાર તથા સીલક રાખનાર.

પંડ્યા શીવશંકર માહાશંકર.

કમીટીના મેંબરો એટલે પંચ.

સ્વસ્થાનમાં.

પંડ્યા કૃપાશંકર રૂપરામ. (અધ્યક્ષ)	પંડ્યા ગંગારામ મહાશંકર.
પંડ્યા મહાદેવભાઈ પરભરામ.	પંડ્યા શીવારામ જીવશંકર.
પંડ્યા મહાશંકર ભાઇરામ.	પંડ્યા જીવણરામ દુલભરામ.
પંડ્યા પ્રાણશંકર માહેશ્વર.	પંડ્યા રામચંદર કરૂણાશંકર.
પંડ્યા કૃપાશંકર પ્રભાશંકર વકીલ.	પંડ્યા ગણપતરામ દયારામ.
પંડ્યા દયાશંકર ત્રંબકરામ.	પંડ્યા ભાઇસંકર બાપુજી.
પંડ્યા નહાનાભાઇ ઇછાશંકર.	પંડ્યા ભીખુભાઇ લક્ષમીરામ.

પંડયા ભીખુભાઇ માહેશ્વર.
પંડયા આદીતરામ કેશવરામ.
પંડયા દામોદર બાળમુકુંદ.
પંડયા છગનલાલ રવીશંકર.
પંડયા છગનલાલ ગીરજાશંકર.
પંડયા મગનલાલ રૂપશંકર.
પંડયા ભાઇશંકર દુલભરામ.
પંડયા ભાઇશંકર વજ્રેરામ.
પંડયા દયાશંકર ઉમીયાશંકર.
પંડયા બાળક્રષ્ણ જેઠાભાઇ.
પંડયા મગનલાલ ઉતમરામ.
પંડયા મયાશંકર રવીશંકર.
પંડયા મંગળભાઇ જેશંકર.
પંડયા રેવાશંકર જેશંકર.
પંડયા દયાશંકર ભાઇશંકર.
પંડયા છોટાલાલ જેઠાભાઇ.
પંડયા માધેવલાલ નથુભાઇ.
પંડયા રવીશંકર ઘેલાભાઇ.
વ્યાસ કામેશ્વર શીવલાલ.
વ્યાસ નરોતમ લક્ષ્મીરામ.
વ્યાસ ભાઇશંકર રેવાશંકર.
વ્યાસ માણીશંકર ભોળાનાથ.
વ્યાસ કીરપાશંકર કેવળરામ.
વ્યાસ રાધેક્રષ્ણ બાપુજી.
વ્યાસ વઇજનાથ હરીનાથ.
વ્યાસ પ્રાણશંકર ઉતમરામ.

વ્યાસ રેવાશંકર સુખરામ.
વ્યાસ જગજીવન મયારામ.
વ્યાસ નાથાભાઇ દુલભરામ.
જાની મહાશંકર સેવકરામ.
જાની મહાશંકર.
જાની બાપુભાઇ ક્રષ્ણારામ.
જાની લલુભાઇ નથુભાઇ.
જાની છોટાલાલ દલપતરામ.
ઉપાધ્યા શ્રીક્રષ્ણ લક્ષ્મીરામ.
ઉપાધ્યા માધેવભાઇ લલુભાઇ.
ઉપાધ્યા પુરૂશોતમ મોતીરામ.
ઉપાધ્યા મગનલાલ કુરણાશંકર.
ઉપાધ્યા નાગેશ્વર મયારામ.
ત્રીવેદી છગનલાલ અનોપરામ.
ત્રીવેદી પ્રાણશંકર શીવરામ.
સુકલ રણછોડભાઇ જેઠાભાઇ.
સુકલ રળીયાતરામ શીવશંકર.
સુકલ નહાનાભાઇ રવીશંકર.
સુકલ નાથાભાઇ જેઠાભાઇ.
સુકલ અંબાલાલ કેશવરામ.
જોશી પ્રાણશંકર રામશંકર.
જોશી અનુપરામ દયારામ.
ભટ છોટાલાલ હરીવલભ.
ભટ શીવસંકર અનોપરામ.
પુરોહીત મનસુખરામ પ્રાણજીવન.
પુરોહીત શ્રીક્રષ્ણ હરીનાથ.

શાખાઓ.

વડોદરા.

પંડયા બાપુભાઇ લક્ષ્મીરામ.
પંડયા પ્રાણશંકર ફીભાઇ.

ભાદરણ.

વૈદ લલ્લુભાઇ છનુભાઇ.

થાણા.

પંડયા કરપારામ કેશવજીનો વહીવટ ચલાવનાર.

ખેડા.

પંડયા છગનલાલ પ્રભાશંકર.

વટાદરા.

પંડયા સંભુરામ પ્રાણનાથ.

પીપલોઈ.

વ્યાસ નારણજી કાશીરામ.

મુંબાઈ.

પંડયા મોતીરામ નરસીરામ.
વ્યાસ નરોતમ પુરૂશોતમ.

વસઈ.

પંડયા મયારામ નથુરામ.
પંડયા માણીશંકર શ્રીકૃષ્ણ.

પાવાગર.

ઉપાદયા જીવણરામ મયાશંકર.

સુરત.

પંડયા નવનીતરામ દેવનાથ.

(૭) સદરહુ પ્રમાણે નંબર ૧ થીતે નંબર ૪૫ સુધીના મેંબરોની જનરલ ક્યાંમેટીને જ્ઞાતીના નામથી તમામ કારભાર ચલાવવાની સત્તા છે.

(૮) જનરલ ક્યાંમેટી અધ્યક્ષની સુચના ઉપરથી ઠરાવેલે દીવસે તથા વખતે ભરાશે. તેમાં અગત્યની બાબત હશે તો બે દીવસ અગાઉ સ્વસ્થાનમાં હશે તે સરવેને સુચના મળવી જોઇએ.

(૯) જનરલ ક્યાંમેટી વખતે અધ્યક્ષ ગેરહાજર હશે તો મેંબરોમાંથી એક મેંબર અધ્યક્ષનું કામ ચલાવી સકશે.

(૧૦) જનરલ ક્યાંમેટીમાં સરવે મેંબરો વખતે વખત બીરાજેલા હોય એવી ઇચ્છા છે પરંતુ કારણ પ્રસંગે તેમ બનવામાં હરકત જણાય તો જે મેંબરો છે તેમાંના એક ત્વતીઆંશ મેંબરો હશે તો ચાલશે. જો કામ ચલાવી શકાય એટલા મેંબરો બીરાજી નહીં શકેલા હશે તો અધ્યક્ષને યોગ્ય જણાય ત્યાં સુધી મીટીંગનું કામ તેહેકુબ રાખશે.

(૧૧) જનરલ ક્યાંમેટીના અંદર જે કામમાં બે મત પડશે તેમાં અધ્યક્ષના બે મત ગણાશે.

(૧૨) મહત્વના કામમાં જનરલ ક્યાંમેટીએ જે ઠરાવ કર્યો હશે તેમાં વધારે મતની જરૂર છે એવું જણાઇ આવશે તો અધ્યક્ષ જ્ઞાતીનો મત લેવો કે કોઇ બાબતમાં ભીનપણું રહે નહી ને સરવેના મનનું સમાધાન થાએ.

(૧૩) આપણામાં પટેલ આ નામ હકદાર તરીકે નથી. ચાલતુ આવેલું જણાય છે. માટે માન્ય રક્ષણાર્થ ચલાવવું ને તે પટેલને હવે તેના અસલ નામની સાથે બીજી વધારે ગોઠવણ સારૂ નીમ્યા છે તો તેમનો અધીકાર એટલે જ્ઞાતીના ઠરાવનો છેવટ પરીણામ તેમની મારફતે જાહેરમાં લાવવાનો રીવાજ છે. તે હરકત નહીં પડે ત્યાં સુધી જારી રેહેશે. તેમજ જ્ઞાતી મેળવવા સારૂ સુકલને આજ્ઞા કરવાનો અધીકાર ઉપરની સરતની સાથે કાયમ છે. તેમજ જરૂર પ્રસંગે ક્યાંમેટી તે અધીકાર વાપરી શકશે.

(૧૪) જ્ઞાતીઓમાં પટેલ એવુ નામ ચાલે છે તેમાં કોઇ જગોએ હકદાર હોય છે તે પ્રમાણે આપણામાં નથી. હાલના સમય કાળમાં પટલઇ કરવાના કારણસર જુદા જુદા ત્રેણ વર્ગોમાંના માણસો પ્રવૃત થવા ધારણા રાખે એવો અનુમાન જાય છે. પેહેલો—ફકડ, નીરઉદ્યોગી—બીજો—નીરધન, મીથ્યા અભીમાની—ત્રીજો—ધનવાન, પ્રમાણીક, એવી રીતે હોય એમ ભાસ થાય છે. બીજી તરફથી જ્ઞાતીના સુભ ઇછેક તરીકે ભાઇઓમાં ભીનપણું નહીં રાખતાં જ્ઞાતીનો કારભાર સુરલભ રીતે ચલાવવા સારૂ કમેટી એટલે પંચ, સરપંચ, અધ્યક્ષ, સીલક રાખનાર, દફતરી વીગેરેની યોગ્ય ગોઠવણો થઇ ઘટતી તજવીજ રહે કે જેથી તેઓ શુધ બુધીથી દેશકાળ તથા શાસ્ત્રની મર્યાદાને અનુસરી ભાઇઓમાં કોઇનું અપમાન તીરસકાર થાય નહીં,

ને જ્ઞાતીના કારભારની મર્યાદાને ઉત્તેજન મળતુ જાએ એમ જણાય છે. આપણામાં કેટલીએક મુદત સુધી પંડયા માહાદેવભાઇ પરજારામે પોતાનો અમુલ્ય વખત જ્ઞાતીના કારભારમાં અરપણ કરેલો છે. હાલમાં તેઓ સદરહુ કારભારનું કામ કરવા નારાજપણું બતાવી આવતા નથી. આવા સદગ્રહસ્થના બાજુ દુર રેહેવાથી જ્ઞાતીને ઘણી દલગીરી ઉત્પંન થઇ છે ને સદર માહાદેવભાઇના અનુમત સાથે આ નીમ બાંધવા વધારે જરૂર થએલી છે.

(૧૫) અહીં આપણી જ્ઞાતીનાં હરેક બાબતમાં જ્ઞાતી સંબંધીના કાંમમાં જ્ઞાતીના પટેલ પાસે સહીઓ કરાવાનો રીવાજ રાખેલો છે તે બીન આધારનો છે. ગુજરેલા કાળ કરતાં દીનપર દીન સમય કાળ બદલાતો જાય છે. ને આપણે પરરાજ્યના કેટલાએક ભાઇઓ સાથે સંબંધ રહેલો છે તેથી સદરહુ સંબંધના કારણને લીધે પટેલે કોઇ કાગળો ઉપર સહીઓ કરેલા ઉપરથી બાજે વખત સરકારમાં કંઇ તકરાર ઉતપંન થાય તો જ્ઞાતી સમસ્તે પટેલને સહી કરવાનો અધીકાર આપેલો છે એવું ન્યાયની કોરટને માનવા આધાર નથી. તો બાજે વખત પટેલને જોખમમાં રેહેવાનો સંભવ રહે છે. ને તેમ થાય તો કેટલાએક લોકો પટેલે કરેલી વાત કબુલ કરશે કે નહીં. આ વાતનો ભરોસો રહી શકતો નથી. માટે આયંદે પટેલને સહીનો અધીકાર આપવો હશે તો આ નીચે સહીઓ કરવાથી મંજુર ગણાશે.

(૧૬) ચાલુ કામને સારૂ નીમાએલા મેંબરોમાંથી નીચે દરશાવેલા નામવાળા ગ્રહસ્થોએ પોતાના અધીકાર પ્રમાણે કૃપા કરી ગોઠવણ રેવા તજવીજ રાખવી.

૧	પંડયા શીવશંકર મહાશંકર ઉપઅધ્યક્ષ.	૭	જાની મણીશંકર દોલકરામ.
		૮	પંડયા માણેકલાલ નથુભાઇ.
૨	પંડયા દામોદર બાળમુકંદ.	૯	વ્યાસ વઇજનાથ હરીનાથ.
૩	પંડયા મુળશંકર દયાશંકર.	૧૦	પંડયા નાથાભાઇ મહાશંકર.
૪	ભટ છોટાલાલ હરીવલભ.	૧૧	જાની લલુભાઇ નથુભાઇ.
૫	પંડયા મગનલાલ રૂપશંકર.	૧૨	વ્યાસ રેવાશંકર સુખરામ.
૬	ઉપાધ્યા માણશંકર શ્રીકૃષ્ણ.	૧૩	સુકલ અંબાલાલ કેશવરામ.

(૧૭) સદરહુ મેંબરોએ સુધ મનથી અંતસ કરણ પુર્વક જ્ઞાતીના શુભે ચ્છક તરીકે શ્રમ લેઇ નીચે દરસાવેલી બાબતો વીશે નીરંતર તજવીજ રાખવી જોઇયે કે જેથી જ્ઞાતી તરફથી તેમનો મોટો ઉપકાર માનવામાં આવશે. કારભાર ચલાવનાર મેંબરોમાં અધીકારનાં જે કામ થાયે તે પાંચ મેંબરોના એક મતથી થવાં જોઇએ. હરેક કામ કમી મતથી થાય નહીં એવી જ્ઞાતીની ઇછા છે.

(૧૮) જ્ઞાતીની જે ઉપજ આવશે તે હીસાબ રાખનારે લેઇ (સીલકી રસીદ બુક) આ નામની એક પોહોંચની ચોપડી હાલ નવીન રાખવામાં આવી છે તેમાં તે રકમ દાખલ કરી સીલક રાખનાર તરફ તે ચોપડી તથા અવેજ મોકલવો કે તે પોતાને ઘેર જ્ઞાતીના ખાતામાં જમાં કરી સદરહુ ચોપડીમાં પોહોંચ્યાની સહી કરી આપશે તે દફતરમાં રાખતા જવી.

(૧૯) જ્ઞાતી સંબંધી જનરલ ક્યાંમેટીએ અથવા જ્ઞાતીએ ઠરાવ કર્યો હશે તે ફેરવવા કોઇને અધીકાર નથી, જ્ઞાતીને છે.

(૨૦) જ્ઞાતીના હીસાબની ચોપડીઓ નંબરથી તે નંબર સુધીની તથા ઠરાવના કાગળો બક્ષીસના દસ્તાવેજો વીગરે સર્વે કાગળ પત્રો ઇલાયદા ફેરીસ્ત પરમાણે તથા વખતે વખત દાખલ થતા જશે તે સર્વે દફતરી પાસે રેહેશે.

(૨૧) દફતરીએ કૃપા કરી જ્ઞાતીનો કોઇ ગ્રહસ્થ દફતરની કંઇ હકીકત જોવા અગર જાણવા માગે તો તેના મનનું સમાધાન કરવું યોગ્ય જણાય છે. તેમ તે બાબતમાં દરએક ગ્રહસ્થનો હક છે. પરંતુ તેમાંથી જનરલક્યાંમેટીની મંજુરી શીવાય કોઇને કંઇ કાગળ અપાશે નહીં.

(૨૨) સીલક કેટલી છે તે જ્ઞાતીનો માણસ જાણવા માગે તો જણાવવું જોઇએ. સીલક પ્રસંગાનુસાર એકદમ મંગાવી બીજી જંગોએ રાખવાનો ઠરાવ કરવા જનરલ ક્યાંમેટીને અધીકાર છે.

(૨૩) જ્ઞાતીનાં તાંબા પીતળનાં વાસણ કેટલા કેવી સ્થીતીમાં છે તેના વજનનો અજમાસ તથા કીમતનો આકાર વીગરે સીલકી માલની ચોપડીમાં દાખલ કરી દફતરમાં રહેશે. તે વાસણ આપવા લેવાની તથા તેના રક્ષાણ વીગેરેની ગોઠવણ ક્યાંમેટી તરફ રહેશે.

(૨૪) જ્ઞાતીના ફંડમાં રૂ૧૦૦)થી જાદે જે સીલક વધતી જશે તેનું વ્યાજ જ્ઞાતીમાંથી ઉતપંન કરવા ક્યાંમેટીને અધીકાર છે. એટલે જ્ઞાતીના કોઇ પણ ગ્રહસ્થને કારણ પડે તેની સ્થીતી ઉપર નજર રાખી ક્યાંમેટીને યોગ્ય જણાય આઠ આના વ્યાજથી રૂ૨૦૦) સુધીના પ્રમાણમાં દરએક ગ્રહસ્થને આપવા હરકત જણાતી નથી. પરંતુ તે બાબત ક્યાંમેટીએ તે ગ્રહસ્થની પાસેથી લખાવી લીધેલા પુક્ત બંદોબસ્તના નીચે પોતાની ખાત્રી વીશેનો અભીપ્રાય લખી હીસાબ રાખનાર તરફ મોકલવું જોઇએ. જ્ઞાતીના પૈસાનો લાભ વગર વ્યાજે થોડા ગ્રહસ્થોએ લાંબી મુદત સુધી લેવો ને બાકીનાઓને જરૂર પડે વ્યાજ આપતાં ઇતર જાતીના લોકોમાં અથડાવા જવુ એ યોગ્ય લાગતું નથી. માટે ક્યાંમેટીએ આ બાબત નીરંતર જ્ઞાતીના પૈસાના રક્ષણ વીશે તથા ભાઇઓના પ્રમાણીકપણામાં વ્રધી થવા ક્રપા કરી લક્ષ રાખતા જવો જોઇએ.

(૨૫) વ્યાજની જે રકમ ઉતપંન થાય તેમાંથી વિદ્યાભ્યાસ કરવા લાએકનાં બાળકોને તેમની સ્થીતી ઉપરથી મદદ કરવી યોગ્ય લાગે તો દર એક વીદ્યાર્થી બદલ દર વરસ રૂ૨) સુધી ખરચ કરવા જનરલ ક્યાંમેટીની મંજુરીથી ક્યાંમેટીને અધીકાર છે. વીદ્યાર્થીઓને અભ્યાસ કરવા સારૂ ઉદારતા રાખવામાં આવશે તો તેઓમાંના કોણે કેવી રીતે અભ્યાસ કર્યો, આ વીશે ક્યાંમેટીએ દર ત્રૈણ માસે ધ્યાનમાં લેતા જવું જાઇએ કે તેવા રમતીઆળ છોકરા અથડઈ ફોકટ ખરચ કરાવે નહીં. તેમ અભ્યાસ કરનારની તુલ્યના થએ તેમના હર્ષમાં વ્રધી થતાં બીજાઓને ઉતેજન મળે.

(૨૬) કુળ દેવ્યા શ્રી ચામુડા તથા કુમારેશ્વરનું પુજન થાએ ને શાયંકાળે ઘીઇનો દીવો જારી રહે. માટે તે નીમીત ફંડમાં વધારો થતા સુધી હાલ દર વરસ રૂ૬) જ્ઞાતીમાંથી ખરચ કરવા ધારણા રાખેલી. તે દરમીઆંન પંડ્યા માહાદેવભાઇ પરજારામે પંકતી જમાડનાર પરજ્ઞાતીના લોકો પાસે દર પંકતીએ રૂ૨) આ ખરચમાં લેવા કર્યા છે. એટલે તેમનો ઉપકાર માની જ્ઞાતીના ફંડમાંથી ખરચ કરવા જરૂર નથી.

(૨૭) શ્રી સંકરાચાર્ય માહારાજ પધારસે તો તેમને ચોરાસી યાને પંક્તીના નામની ઉપજમાંથી સર્વના મત પ્રમાણે વર્તવાનું છે માટે એ વી-

શેનો ખરચ જ્ઞાતીની ઉપજમાંથી થવો જરૂર જણાતો નથી.

(૨૮) કોઇ સન્યાસી, બ્રમચારી, વેદીઓ આવી યાચના કરશે તો તે સન્યાસી, બ્રમચારીને એક દીવસનું અન્ન તથા વેદીઆને રૂ૦ાા) સુધી દક્ષણા આપવા ક્યાંમેટીને અધીકાર છે.

(૨૯) જ્ઞાતી સમસ્ત મળી કથા પુરાંણનો લાભ મેળવે છે એવો પ્રસંગ હશે ત્યારે જ્ઞાતીની મર્યાદા પ્રમાણે તથા ફંડની સીલક ઉપર નજર રાખી રૂ૨૫) સુધી ખરચ થવો જરૂર છે. ને તેમ નહીં હશે તો સાલા બાદ ખરચ દર વરસ રૂ૫)થી વધારે કરવો જરૂર જણાતો નથી. માટે ક્યાંમેટીએ દરીઆફમાં લેવું જોઇએ. ખરચ ક્યાંહાં, કેવી રીતે કરવાનો તેનો વીચાર ક્યાંમેટીએ કરવો.

(૩૦) વાસણોને કલઇ અથવા જરૂરી મરામત કરાવા બદલ રૂ૫) સુધી ખરચ કરવા કારભાર ચલાવનારી ક્યાંમેટીને અધીકાર છે. વીશેસ ખરચની જરૂર જણાય જનરલ ક્યાંમેટીની મંજુરી લેવી જોઇએ.

(૩૧) જમણવારોમાં રજસ્વળા સ્ત્રીઓને પીરસવા સારૂ ઇલાયદા એક ગ્રહસ્થને નીમવાની તજવીજ ઘરધણી એટલે જમાડનારે રાખવી જોઇએ કે જેથી પીરસતાં છાંટા ઉડી ભ્રષ્ટપણું થવાનો સંભવ રહે નહીં. વીરૂધ વર્તણુક થશે ત્યાં જ્ઞાતીનું અપમાન થયુ સમજવામાં આવશે. ને તે બાબતની તકરાર જનરલ ક્યાંમેટીમાં મુકવી જરૂર થશે.

(૩૨) જમણવારોમાં પર જ્ઞાતીના બ્રાહ્મણો વગર નોતરે જમનાર આવી પંક્તીના મધ્યમાં બેસે છે, કે જેથી વેહેવારનાં માણસોને છેવટ બેસવું પડે છે. તેમ કંઇ વખતે કેટલાં માણસો ભરાઇ જાય તેમને ઉડાડવામાં અમર્યાદાનો અભીમાન રહે છે. તેથી બેઠી ઘાલે રસોઇનો કોઇ પણ પદાર્થ ખુટે કે જેથી જમાડનારને અવજશ મળ્યો કેહેવાય. આ અવીચારી અભીમાનનું રક્ષણ કરવું યોગ્ય લાગતું નથી. માટે નીતીની સાથે તેની વ્યવસ્થા રેહેવી જોઇએ. કે એવા વગર નોતરે જમનાર લોકોને આપની પંક્તીના છેવટ ભાગમાં કંઇ સમજાઇ શકાય એવા અંતરની સાથે બેસાડવા. પછી તેમને જમાડવા કે નહીં એ માલધણીની ખુશી ઉપર છે. સદરહુ પ્રમાણે છતાં અહીંના કેટલાએક બ્રાહ્મણો જમતા આવેલા કેહેવાય છે. જો તેમ હોય તો આ

જ્ઞાતીએ તેમને અનનો આશ્રય આપ્યો એમ ગર્ભીત સમજાય. જ્યારે તેમ સમજાય તો અંનદાંન આપી તીરસકાર કરવો એ યોગ્ય લાગે નહીં. એવું જણાય આવે તો કયાંમેટીને ઘટતી સલાહ આપી યોગ્ય તજવીજ કરવા આજ્ઞા કરવી.

(૩૩) કોઇ પણ જ્ઞાતીનો બ્રાહ્મણ ટેલીઓ એટલે ભીક્ષુકીના હક-થી પરગામી અહીં આવી જંમા આવશે તો તેણે જ્ઞાતીના છેવટ ભાગમાં અંતરથી બેસવું, પછી તેને જમાડવાનો વીચાર કરવો એ ઘરધણીની મરજી ઉપર છે.

(૩૪) અહીં જમણવારમાં છાંડવાની બંધી થયલી છે તે વીરૂધ કોઇ વર્તે છે તો તે બાબત ઠરાવ પ્રમાણે જ્ઞાતીનો સુકલ તેની પાસે પૈસા અથવા અવેજ લે છે તે વખતસર બરાબર રીતે જમા થઇ હીસાબ અપાય છે એવું માનવા આધાર મળ્યો નથી. માટે જે દીવસનો તેજ દીવસે પૈસા યા અવેજ હીસાબ રાખનારને ત્યાં પોહોંચાડવો જોઇએ.

(૩૫) જ્ઞાતીનો સુકલ (દલપતરામ) આ વંઉસ પરંમપરાનો હકદાર જણાતો નથી. સદરહુ સુકલના જોખમ નીચે જ્ઞાતીના વાસણો રાખવામાં આવેલાં તેમાંથી એક પડઘમ કે જેનું તોલ તથા કીમત સમજવા આધાર મળ્યો નથી ને પડઘમનું જ્ઞાતીને નુકસાન ભોગવવું પડે છે. એ કેવળ દયાનો અંશ દરશાવ્યો છે ને તેની સાથે એ પડઘમની કીમતનો અજમાસ રૂ૧૩) ગણી તે ઉપરાંત રૂ૨) જ્ઞાતીમાંથી લેઇ રૂ૧૫)ની પાઘડીનો એ સુકલને સરપાવ મળ્યો છે એમાં નીતી વપરાઇ છે એમ કબુલ કરાતું નથી, પરંતુ દયા ગ્રંથી પાળી હોય એમ જણાય છે. કારણ જેના જોખમ નીચે જ્ઞાતીની મીલકત રહી ને તેમાંથી કંઇ ગુમ થાય તો તેની કીમત તે માણસ પાસે લેવી જોઇએ. જો એમ ન થાય ને તેને સરપાવ મળે તો બીજી વખત બીજુ માણસ સાલજોડા મળવાની આશાથી જ્ઞાતીને મોટું નુકસાન કરવા હીમત ધરાવવાની ઉમેદ રાખે કે આ જ્ઞાતી તો તેમનુ નુકસાન કરનારને દયા લાવી ઈનામ આપે છે. (તેમજ જ્ઞાતીના) સુકલની પાસે છાંડા બાબતના લેવાએલા પૈસાનો હીસાબ રહે છે તે લાવી બતાવવા પટેલે એક માસથી ઘણા ગ્રહસ્થોના રૂબરૂ કેહેતા છતાં ધ્યાન આપતો નથી કે જેથી જ્ઞાતીના જુ-

નો હીસાબ બંધ કરવા ૧૫ દીવસથી હરકત થએલી છે. જમણવારોમાં એ સુકલને જમાડવાનો હેતુ એટલોજ છે કે તેને ઘેર જેટલી ઘાલો બેસે તેનાં છાં-ડાની તજવીજ રાખવી તથા અજાણ્યો માણસ પંક્તીમાં બેસે નહીં. આ કામ તેનું છે. તેમ છતાં તે પેહેલી ઘાલમાં જમી પોતા તરફના માણસોને જ-માડી જતો રહે છે તો બીજી ઘાલની તજવીજ કોણે રાખવી. આ વીશે અં-દેશો રહે છે. તેમજ પરગામી ટેલીઆઓ પીરસવાની કથરોટ લેઇ જમણ-વારમાં પીરસતા સુધી મનઈ કરી નહીં તેમ કોઇને જણાવ્યું નહીં. આવો માણસ કોઇ આગેવાનની ખુસામતમાં રહી લાભ મેળવતો જાય એ યોગ્ય નહીં વીગેરે અનીતી ભરેલા પરીણામો નીબજવાનો સંભવ રહે છે. માટે પ-વીત્ર જ્ઞાતીમાં ધર્મના રક્ષણની વ્રધી થવા ઇચ્છા રાખીએ છીએ તો તેવી ર-ખવાળી કરનાર માણસ સુધ બુધીનો ચંચળ ને પુકત જોઇએ માટે આ વીશે કયાંમેટીએ જરૂર યોગ્ય ને ઘટતો બંદોબસ્ત કરવો જોઇએ કે આયંદે ઉપર પ્રમાણે થવા પામે નહીં.

(૩૬) આ સેહેરમાં ઢેડ, વાગરી વીગેરે ભીખારી જાતના લોકો ઘ-ણા છે. તેઓ જમણવારોમાં ભાત જંમી રેહેતાની સંધીમાં પડી લોકોને સ્પ-ર્સા સ્પર્સ કરે છે. કે જેથી જંબાનાં કીમતી ને રેસમી કપડાં અસુધ થયાનો સંભવ રહે છે. તેમ તે ધાડુ પડવાથી બાજે વખત જરીઆન ભરેલાં બાળકો-નાં તથા વાસણોનાં રક્ષણ માટે ઘણી ધાસ્તી સમજી આપણી જ્ઞાતીમાં જ-મણવાર કરનારે પોતાના માણસોથી અજીઠાં પત્રાળાં સકોરો લેવડાવ્યા બાદ જમનાર લોકોએ આસન ઉપરથી ઉઠવાનો ઠરાવ કરેલો જારી છે, કે જેથી તેવા લોકોનો ઇલાજ ચાલી શકે નહીં, ને ધર્મ સંબંધી કોઇનું મન દુખાય નહીં. આ રીવાજ જ્ઞાતીની પ્રતીષ્ટાને ઘણોજ ઉત્તેજન આપનાર જણાયો છે માટે જારી રેહેવો જોઇએ.

દુનીઆમાં સુનીતીએ ચાલવું, સત કીરતી મેળવવી, વ્યાજબીપણા-માં દયા રાખવી, સંપાદન થએલા દ્રવ્યના વીભાગમાં પરોપકાર કરવો એ માણસનો મુખ્ય ધર્મ છે.

(૩૭) સ્વજ્ઞાતીમાં ટોપી પંડા નામનો કરનાત્રી ગોત્રનો થઇ ગયો

તે રાજાનો વઈદ ને ધનવાન હતો. તેણે કુળ દેવ્યા ચાંમુડાનો જીર્ણોધાર કરી જ્ઞાતીનો મેળાવો તેડી ચરૂનું લાણું કરવા આરંભ કર્યો તેમાં લાણું કરવું એ તેમનો નીશ્વાર્થ હોય. બીજી તરફથી એ તેની ગર્ભીત યુક્તી માનવા સરખો અનુમાન જાય છે કે, કશ્યપ ગોત્રના બ્રાહ્મણોએ પ્રથમ તીલકનો અધીકાર મેળવેલો તેમાં અભીમાન રહેલો હોય કે આવા પ્રસંગે તેમની તુલ્યના તેમની પાસે કરાવી. પ્રથમ તીલકની પદવી આ સ્વસ્થાનમાં ધારણ કરાવવી. આ હકીકત આસરે ૨૫૩ વરસ ઉપરની છે. ટોપી પંડ્યાએ પરોપકાર કીધેલો હતો એમ તો લખી શકાતું નથી. પરંતુ કુળનું અભીમાન ને સત કીરતીની ઇછા ધારી શકાય.

(૩૮) આ જ્ઞાતીના પંડયા માહેશ્વર મુળજી જે મુંબઇમાં એક વેપારી દાખલ હતો તેણે બે વખત લગ્ન કરેલું તેમાં પ્રથમ સ્ત્રી બાઇ ઇછા તથા બીજી પારવતી છે. મરહુમ પંડયા માહેશ્વરે પોતાના તમામ સ્ટેટનો હક તથા અધીકાર ઇછાને આપેલો છે.

પારવતી એ સારોદવાળા વાંસીઆની કંન્યા છે. તે પોતાની સ્વતંત્ર સત્તાની સાથે મુંબાઇમાં ભાડાના ઘરમાં રહે છે, તેના ગુજરાન બાબત બાઇ ઇછાએ પોતાના ખાવીંદની આબરૂ ઉપર નજર રાખી કંઇ બંદોબસ્ત કરી આપેલો જણાય છે. કે જેથી પારવતીને પોતાના ખાવીંદ માહેશ્વર મુળજીની મીલકત ઉપર હક તથા અધીકાર રહેલો નથી.

પંડયા માહેશ્વરે દ્રવ્ય સંપાદન કરી ઇછાને અરપણ કર્યું તેનું સારથક ઇછાએ સત કીરતી ને પરોપકારની સાથે અદા કરેલું લખવા કલમ અટકતી નથી. ચાલતા કાળમાં આપણી જ્ઞાતીમાં ગુજરતા કેટલાએક અનુભવોથી અનુમાન થાય છે કે વગર ફરજંદની તેવી સ્ત્રીઓ સ્વતંત્ર થએ ભ્રથાર તરફની મીલકત પીએરમાં લેઇ જાય છે. અગર જુદી રીતે ઉપીઓગ કરવા ધારણા રાખે છે. આ પ્રસંગમાં બાઇ ઇછાને વીધવાપણું પ્રાપ્ત થવાની સાથે તેની સુધબુધી ને નીરમળપણું જોઇ માન્ય આપવા લાએક ગણી શકાએ."

બાઇ ઇછાએ પોતાના ભ્રથારના મરણ નીમીત ઉંચ ખરચ કરી કી-

રવી મેળવવી એથી પરોપકાર થયો એવું લખી શકાતું નથી. પરંતુ તેણે પાછળના ભાગમાં બ્રામણવાડામાં શ્રી ચામુડા માતાના દેવળ સામા (ધર્મશાળા ને દેવાલય) બંધાવી કીલાબંધી કરાવેલી છે. દેવલમાં શ્રી બેચરાજી માતા પધરાવી વીસ્નુ યાગ તથા સહસ્ર ચંડી કરી હજારો રૂપીઆ ખરચેલા છે. સદરહુ માતાજીની પુજાના કારણ સરમણ દેવીના સુકલ મણીશંકર હાલ પુજાનું કામ કરે છે તેને રેહેવા સારૂ દેવળની પાછળની બાજુમાં એક મકાન બંધાવી પુજન નીમીત અરપણ કરેલું છે. બાઇ ઇછાએ બંધાવેલી હદાની અંદરની તમામ મીલકતનો હક તથા અધીકાર તેણે જ્ઞાતીને આપી તે બાબતના દસ્તાવેજો અરપણ કરેલા છે.

માતાજીના ખરચ નીમીત (જમીન) એટલે ખેતર બાઇ મચકુરે ખરીદ કરી તેની ઉપજ નીરંતર એ ધર્મના કામમાં ઉપીયોગમાં લેવા જારી કરેલી છે. બાઇ ઇછાએ સદરહુ મીલકતના વહીવટ બાબત તથા પુજન વીગેરેનો અધીકાર તેની હઆતી સુધી પોતા તરફ રાખેલો છે તે યોગ્ય જણાય છે.

પરોપકારી બાઇ ઇછાના અંતસકરણનો હેતુ તો અનુમાન કરતાં એમ જણાય છે કે તેણે પોતાનું તન, મન, ધન માતાજીને અને જ્ઞાતીને અરપણ કરેલું હોય એવો ભાસ થાય છે. તે ઉપરથી લખાઇ શકાય છે કે આગળને વાસ્તે તે પોતાનું અચળ નામ કાયમ રાખવાના વીચારો કરશે. સદરહુ મકાનમાં કોઇને ઉપીયોગ કરવો પડે તો જમીન જેવી સ્થીતીમાં હતી તેવી રાખવાના કારણસર હાલમાં જે લવાજમ કરેલો હશે તે ઘણા લોકોના મત પ્રમાણે અધીક હોય એવું સમજાય છે. જો આમ હોય તો બાઇ ઇછાએજ પોતાના ખાવીંદના તથા પોતાના નામ સારૂ આ પવીત્ર સ્થળ સ્થાપન કરેલું છે તેમાં જ્ઞાતી ભાઇઓને પોતાની હઆતીમાં લાભ લેતા જોવાના અવસરનો ચેનત્ર મેળવવામાં કમીપણું રાખવું એવી ઇછા હોય નહીં. માટે તેમની સુખ સહુલાનો સાથે કમીટીના મતથી યોગ્ય ગોઠવણ કરવી કે મીલકતના કોઇ ભાગને નુકસાન થાય નહીં ને સરવેના ઉપીયોગમાં આવે. તેમજ સદરહુ માતાજી નીમીત તથા તેને લગતી મીલકતની ડાગ ડુચીના કારણસર પ્રસંગાનુસાર કંઇ ખરચ કરવો જરૂર જણાશે તો તે કરવાનો ઠરાવ કરવા કમીટીને અધીકાર છે.

(૩૯) બ્રહ્મવાક્ય સાસ્ત્રમાં અમુલ્ય ગણાવામાં આવેલું સાંભળીએ છીએ એટલે આપણા વચનથી જે ઉચ્ચાર થાય તે સીધ્ધ મનાય માટે આપણે તો તેને અનુસરી પાળવું યોગ્ય છે તેમ છતાં ઘણે ઠેકાણે વેપારી લોકોમાં લખો રૂપીઆના વેપાર જુબાનથી થાય છે ને તે ચાલે છે. સત્યતા તથા પ્રમાણીકપણા સારૂ એવા નીમ છતાં આપણામાં વર કન્યાના વીહવા નકી થયા બાદ તોડાવવામાં આવે છે. તે કેવલ કેટલાએક ઇતર જાતીના લોકોના રીવાજ કરતાં કમીપણું ધરાવનાર છે માટે આ વીશે જનરલ ક્યાંમેટીએ દરીઆફ કરી યોગ્ય જણાશે તો તે બંધ કરવા કૃપા દરશાવવી.

(૪૦) આપણી ગ્નાતીમાં મીથ્યા અભીમાનનો ડોળ રાખી કેટલીએક જગોએ કુળના બળવડે યોગ્ય કારણ શીવાય કાચી ઉમરમાં એક લગ્નની સ્ત્રી હયાત છતાં તે ઉપર બીજુ લગ્ન કરવાનો રીવાજ વ્રધી પામતો જણાતો જાય છે. લાંબી મુદતથી આ ચાલતા આવેલા વહીવટમાંના પરીણામોના અંદર સુક્ષમ વીચાર કરતાં કુળને ઉતેજન મળવાના બદલામાં દોસણ લાગવાનો સંભવ રહે છે કે જેથી વડીલોએ વીદ્યા સંપાદન કરી સભાઓ છતી હજારો રૂપીઆ ખરચ કરી કુળવાનપણું ધરાવેલું તે પ્રમાણે સંપાદન કરી શકીશું એમ હાલ તો ધારી શકાતું નથી. પરંતુ તેમના સંપાદન કરેલા દ્રવ્યરૂપી ફુળ તેને આપણે દોશણ લગાડવામાં મસ્ત રેહેવા કરતાં સત કીરતી મેળવવાની ઇચ્છા રાખવાથી કુળવાનપણાને વધારે ટેકો મળતો જવાનો એવું માનવામાં અંદેશો રહેતો નથી.

(૪૧) કેટલાએક ગ્રહસ્થો પોતાની બાલ્યા અવસ્થામાં એક લગ્નની સ્ત્રીને પોતાને ઘેર નીરંતર પાંચ વરસ રાખી તેણે સંસાર સંબંધી રીત ભાતોનો અનુભવ પુરતેપણે મેળવ્યા શીવાય તથા તે કંન્યાને પોતાના ઘરના કારભારની કેળવણીનો લાભ આપવા વીના બીજું લગ્ન કરવાનો રીવાજ રાખે છે તે ધારવા પ્રમાણે વર કન્યાનો નહીં પણ તેમના માબાપ ને આજુબાજુનાં સગાઓની ખટપટોનો દોશ હોય એમ જણાય છે. કારણ કે આપણામાં બાળ અવસ્થામાં લગ્ન થાય છે તાર બાદ આશરે ૧૩ વરસની ઉમર સુધી તો કંન્યાને પેહેલું આણું સાસરે વળાવવાનો રીવાજ હોય છે. હવે કદાચીત ૧૩થી ૧૭ સુધી વર કન્યાનો સરખી રીતે સમાગમ ર-

હે તો બંનેની પ્રોતી ઘણી મજબુતીથી જોડાઇ તેમને સંસારનું નાવ આગળ સુલભ રીતે ચલાવવામાં કંઇ વીઘ્ન નડે એમ લાગતુ નથી.

તેમ ન બનવાના કારણનો હેતુ એટલો જણાય છે કે કેટલી એક સાસુઓ એટલે વરની માઓની સમજુતો એવી હોય કે છોકરો બાઇડીને વશ થઇ જશે, વહુ મારે આધીન રહેશે નહીં, ધાર્યું કામ બરાબર કરતી નથી, મોડી ઉઠે છે, વધારે ખાય છે, વાંકો અંબોડો મુકે છે, માબાપને ઘેરથી મોડી આવે છે, રીતભાત બરાબર લાવતી નથી, બેનપણીઓ સાથે ફરે છે, વીગેરે અફવાઓ ઉરાડવાનો આરંભ થાય છે. તેમજ તેની દીકરીઓ તથા બેહેનો એટલે કંન્યાની નંણદો તથા માસીજીઓ તે વાત વધારે ચલાવે કે જેથી વરરાજાનું મન પોતાની અર્ધાંગના ઉપરથી કમી થતું જાય. ને તેમ થવા લાગ્યું એટલે કંન્યાનું દીલ અપમાન ને તીરસકારથી પોતાના ભ્રથાર તરફ રહેવામાં કમીપણું થઇ તેના માબાપો તરફ રહે છે. કદાચીત કન્યાનો બાપ અગર કાકો પ્રમાણીકપણાના યોગે પ્રતીષ્ટીતપણામાં ગણાવાથી જ્ઞાતી ભાઇઓ તેને સલાહકાર તરીકે માનતા હોય તો વરના બાપના દીલમાં એ મોટો કુળવાન પ્રતીષ્ટીત છે માટે અમે એનાથી હલકા છીએ. આવા દ્વેશ રાખી ઘરમાં, સગામાં નાના પ્રકારની વાતો ચલાવે કે જેથી કંન્યા તે સાંભળી દુખદાયક સમજે તેની સાથે વરનું દીલ સાસરા તરફ રહે નહીં. એ રીતે ખટપટ ચાલતાં વરરાજાનો ફરી લગ્ન કરવાનો આરંભ થતો હોય એમ જણાય છે.

બીજી તરફથી કેટલીએક કંન્યાની માયો હું માંદી છું, મારે પીએર અમુક કામ છે વીગેરે બાંહાંના કાહાડી દીકરીને તેના ભ્રથાર સાથે રેહેવા દેવામાં કમીપણું રાખે છે. તેમાં સાસુ ફલાણું બોલી, માસીજીએ ફલાણું કહ્યુ, મેણાં માર્યાં, નઠારી કહી, મારાં પીએરીઆને ગાળો દીધી વીગેરે બોલે છે. તેની સાથે તેની સગીઓ બોલે એટલે કંન્યાનું દીલ સાસરા તરફ તથા તેના ભ્રથાર તરફ કમી થતું જાએ. એ ખબર કંન્યાના બાપને થાએ ને તે પ્રતીષ્ટીત ને પ્રમાણીક હોય તો તે બંને તરફની વાતો ઉપર લક્ષ નહીં રાખતાં નીરણયની સાથે પોતાની કંન્યાને સાસરે મોકલવા વીચાર રાખે છે.

આમ થવાનું કારણ મીથ્યા અભીમાન ને કુળનું બાંહાંનું છે. કં-

ન્યાનો બાપ સારો હોય ને વરનાં માબાપને તથા જ્ઞાતીને પ્રાર્થના કરી પોતા તરફથી ન થએલા હોય એવા દોશ માથે લઇ પોતાની કંન્યાને સાસરે મોકલે ને સાસરીઆં રાખે તો બંનેનું સમાધાન થયુ માની શકાય, લેકીન વરના માબાપ કબુલ કરી રાખે નહીં તેમ નહીં રાખવાનું ચોગ્ય કારણ બતાવી ખુલાસો કાહાડે નહીં તો તે ખામી ભરેલુ જણાઈ આવે.

(૪૨) આવી બાબતની ખટપટો વારંવાર જાહેરમાં આવે તેમ છતાં ઘટતો બંદોબસ્ત કરવામાં આવે નહીં તો જ્ઞાતીનો કારભાર ખામી ભરેલો છે એવી લોકીક ચાલુ થવાની. ને તેની સાથે કોઇ સ્ત્રી અથવા સ્ત્રીઓ તરફથી બાજે વખત કંઇ એબ ભરેલો નંઠારો પરીણામ નીપજે તો તેના સગાઓના નામને જે ઓળખે તેજ દોશાણ લગાડે, લેકીન તેમ થવાથી જ્ઞાતીને સતકીરતી અપમાન યુક્ત થવાનો સંભવ રહે છે. માટે આ સરવે હકીકતનો વીચાર કરતાં કોણે ક્યારે, કેટલી ઉમરમાં કેવી રીતના બંદોબસ્તની સાથે એક સ્ત્રી હયાત છતાં બીજુ લગ્ન કરવુ તે બાબતનો નીમ રહેવો અવસ્ય જણાય છે. માટે તે વીસે નીચે ઠરાવવામાં આવે છે.

(૪૩) હાલના ચાલતા સમય કાળ પ્રમાણે પ્રથમ લગ્નની સ્ત્રીની વય ૩૦ વરસ ઉપરાંતની થયા છતાં પ્રજા પ્રાપ્ત થાએ નહીં અગર હયાત રહે નહીં તો પ્રથમની સ્ત્રીની ખુસીની સાથે તેનો ભ્રથાર બીજુ લગ્ન કરસે તેમાં જ્ઞાતીને વચ્ચે પડવાની જરૂર નથી.

(૪૪) કોઇ ગ્રહસ્થ પ્રથમની સ્ત્રીના અનુમત સીવાય બીજુ લગ્ન કરસે તો તે અગઉ પ્રથમની સ્ત્રીના પલ્લાના દાગીના ને તેની સાથે સમયના ધોરણને અનુસરી દર વરસે ગુજરાંન થવા માફકના પ્રમાણમાં અન વસ્ત્ર ને રેહેવાની જગો આપી પોતાની નીઘાબાહાનીમાં રાખવાની તજવીજ કરવી એ ચોગ્ય લાગે છે. તે પ્રમાણે કર્યા સીવાય ,કોઇ ગ્રહસ્થ બીજુ લગ્ન કરવા ઇછા રાખસે ને તે વીસેની તકરાર જ્ઞાતીમાં આવસે તો જ્ઞાતી ઉપર પ્રમાણેનો બંદોબસ્ત કરી આપેલો જોયા વીના પોતાનો મત આપસે એમ ધારણા રાખવી નહીં. પરંતુ સ્ત્રી પુરૂસ સમજુતીની સાથે જોઇએ તેવો બંદોબસ્ત કરી પોતાની "તકરાર" માંડી વાળસે તો તેમનો ઉપકાર માનવા જોગ છે.

(૪૫) કદાચીત કોઇ સ્ત્રી અસાધ્ય મહા• રોગથી નીરંતર સાત વર-

સ સુધી પોતાના ભ્રથારનો સંસાર ચલાવવા સકતીવાન નહીં હસે તેના સ્વામીને બીમાર સ્રીની ઘટતી તજવીજ સાથે બીજુ લગ્ન કરવાને હરકત જણાતી નથી..

(૪૬) કન્યાને તેના ભ્રથારને ઘેર મોકલવામાં અથવા કંન્યાએ જવામાં નીરંતર બે વરસ સુધી કસુર કરેલી છે એવુ ભ્રથાર તરફથી જ્ઞાતીમાં સાબીત કરવામાં આવસે ને તેની સાથે અમુક અમુક વખતે તેડવા ગયાની ખાત્રી બતાવસે ને એ બધી વાત યોગ્ય જણાસે તો કંન્યાની અથવા તેના માબાપની કસુર બદલ જ્ઞાતી તેને યોગ્ય મુદત સુધી મર્યાદા તોડયાના દોસણમો ઠરાવ કરશે.

(૪૭) ભ્રથાર તરફથી લગ્ન થયા બાદ સ્રીને ૧૩ થી ૧૬ વરસની ઉમર થતા સુધીમાં ચાલતા રીવાજ પ્રમાણે તેડાં કરવામાં કસુર કરવાથી તેના માબાપને ઘેર રહેવુ પડસે તેને ઉપરની કલમ લાગુ નથી.

(૪૮) એક લગ્નની સ્રી હયાત છતાં બીજુ લગ્ન કરવા બાબત ઉપર જે નીમ ઠરાવેલા છે તે પ્રમાણે પ્રથમની સ્રીનો બંદોબસ્ત થયા સીવાય કોઇ ગ્રહસ્થ પોતાની કંન્યા તે સ્રીના ભ્રથારને પરણાવસે તો તેણે જ્ઞાતીનું અપમાન કર્યું સમજી મર્યાદા તોડયા બદલ યોગ્ય ઠરાવ કરવામાં આવસે.

(૪૯) આ ઠરાવની અગાઉ કોઇ સ્રી અથવા સ્રીઓ એટલે જે પોતાના સ્વામીની જ્ઞાતીની તથા માબાપની કુળની લજા છોડી નીરલજ પણાથી વરતી અઘોર અપરાધના દોસણ યુક્ત થએથી સ્વામીએ ત્યાગ કરી હસે તેવી સ્રી અથવા સ્રીઓના સ્વામીને બીજુ લગ્ન કરવાની બાબતમાં ઉપર જે જે ઠરાવ કરેલા છે તેનો લાભ તે સ્રી અથવા સ્રીઓને કોઇ પણ રીતે મળસે નહીં.

(૫૦) બીજા વર્ગમાં ગણાવા જોગ કેટલીએક સ્રીઓનાં આ ચરણો જોતાં ને તેમની વ્યાખ્યાઓ સાંભળવાથી દલગીરી ઉતપન થાય છે કે તેમણે પોતાના કુળની તથા સમંધીઓની દરકાર નહી રાખતાં જ્ઞાતીના નામને દોસણ લગાડવાનો આરંભ કર્યાનો પ્રકાર વ્રધી પામતો જણાતો જાય છે. સદરહું રીવાજ જારી રહેવાથી ઉછરતી ને ઉતપંન થનારી પ્રજાને કેળવણી લજા, સુખ, સંપતી સંસારી કામોને સારૂ ઉત્તેજંન મળવાની ઇછા રહે

છે તેમાં ભીનપણું થવાનો સંભવ રહે છે માટે જેમ પ્રદીપ્ત થતા અગ્નીને પાણીથી બુજાવવામાં આવે છે તેમ આ જ્ઞાતીમાંથી નઠારીને એબ લગાડનારી જે જ્યાહાં વર્તણુકો ચાલતી હોય તેનો નાસ પમાડવાને ઞધી પામવા દેવી નહીં એવી ઉમેદ છે. માટે આ ઠરાવ ચાલુથયાની તારીખથી ત્રણ માસના અંદર આ કલમનો અર્થ જે પોતાને લાગુ સમજતુ હોય ને તે જ્ઞાતીના લાભની ઈછા રાખનાર હશે તેમણે પોતાની નીતીના ચોખાપણા વીસેના આચરણો ખાત્રીની સાથે બતાવવાં જોઇએ. આ ઠરાવ તેવી સ્ત્રીઓની સાથ સમંધ્ર રાખનારા પુરૂસોને ધ્યાંનમાં રાખવો જરૂર છે પછી તે જ્ઞાતીનો હો કે ચોરાસીનો હો. મુદત ગુજરા બાદ કોઈ તેવા માણસનો પક્ષઅથવા સમંધનો અભીમાન નહીં રાખતા જ્ઞાતીના કુળના તથા સ્વધર્મના ને પ્રજાના રક્ષાણાર્થે તેવા માણસને જ્ઞાતીથી દુર કરવાને જ્ઞાતીને અધીકાર છે.

(૫૧) કેટલાએક લોકો પોતાની મધ્ય સ્થીતીની ગ્રહસ્થઇ ઉપર અભીમાન લાવી કુળવાન વરની સાથે કંન્યાનુ લગ્ન કર્યા બાદ વર તરફના સગાઓને અપમાન જણાવસે તથા કન્યાને તેડાં કર્યા છતાં મોકલસે નહીં તેમ કંન્યા પોતાના ભ્રથારને ત્યાં જસે નહીં તેને ઉપરની કલમોનો લાભ મળસે નહીં ને તેનો ભ્રથાર બીજુ લગ્ન કરી સકસે.

(૫૨) આ ઠરાવની કલમ ૪૪ ના આધારે જે સ્ત્રી અથવા સ્ત્રીઓ જ્ઞાતી મારફતે ભરણ પોસાણ મેળવવાની ઇછા રાખસે તેમણે ઇતિર જગોએ નહીં રેહેતાં તેના સ્વામીની આજ્ઞામાં રહી લજા, તથા નીતીનો સારો સંભાળ કરી વરતે છે એવી ખાત્રી કરી આપવી જોઇએ ને તેની સાથે પલ્લાની રકમની ગેરવ્યવસ્થા કરસે નહીં. એ વીસે ચોખાપણું બતાવવુ જરૂર જણાય છે.

(૫૩) વીધવા સ્ત્રીઓ જ્ઞાતીના કારણસર સ્વતંત્ર નથી માટે તેવી વીધવાઓએ સુનીતીથી મર્યાદા યુકત વરતવું જોઇયે. વીરૂધ વરતણુક જણાઇ આવેથી ખાત્રી થએ ઘટતો ઠરાવ કરવામાં આવશે.

(૫૪) લગ્ન જેવા માહા ઓછવના કામમાં રીતભાતો આપવા લેવાની બાબતમાં ઘણીએક જગોએ વારંવાર તકરારો ઉતપંન થઇ જુજ કારણોથી એક બીજામાં ભીનપણું ઉતપંન થાય છે. આ કેવળ મીથ્યા અભી-

માનના સંબંધમાંનો ફાંકો ગણાવા જોગ છે. વેવાઇનો આપવા લેવાથી કોઇ શ્રીમંત બન્યું હોય એમ માની શકાતુ નથી. તેમ છતાં દીકરો, દીકરી, આપવા લેવાથી વેવાઇપણાનો ઘણો નજીકનો જડ સંબંધ બાન્ધે છે કે જેથી બાજે વખત એક બીજાના સુખ દુખમાં મદદ થવાની ઉમેદ રહે. તેમ છતાં સાધારણ ને નજીવી તકરારો ઉતપંન થાય છે તે બને નહીં માટે વીવાહ થયા તારીખથી તે કંન્યાને લગ્ન થઇ સાસરે વળાવતા સુધીમાં ને તાર બાદ શ્રીમંત એટલે (અઘરાણી) સુધીમાં એક બીજામાં આપવા લેવાનો વહીવટ એક સરખી રીને રહેવો જરૂર છે. માટે જનરલ કયામેટીએ મનન કરી ઘટતો નીમ કરવો જોઇએ પછી વધારે આપવું એ પોતાની શકતી ને ખુશી ઉપર છે.

(૫૫) જ્ઞાતીમાં લગ્નના માહા ઓછવમાં પુર્વેથી શાસ્ત્ર યુકત ગીત ગાવાનો રીવાજ ચાલતો આવેલો છે. તેમાં થોડી મુદતથી લગ્નના મંડપમાં તથા નજીક મરદો એટલે સગાઓ બેઠા છતાં સ્ત્રીઓ બીભત્સ—ફટામણાં ગીતો ગાય છે. આ ચાલ નઠારી અસર કરનાર છે એવું કયાંમેટીના સાહેબોના ધ્યાનમાં યોગ્ય જાણાતું હશે તો તે બંધ કરવા કૃપા દરશાવવી.

(૫૬) મનુશ્ય જાતીમાં જુદી જુદી ચોરાસી પંકતી કેહેવાય છે. તેમાં બ્રામાણનો વર્ગ ઉતમ પક્ષમાં ગણાવાનો અભીમાન રાખવામાં આવે છે ને રખાય. વીધાની કમતાઇથી દીનપરદીન ભ્રમત્વમાં (કરમત્વ) ભરાતુ જાય છે કે જેથી સુખ સંપતીથી હીણ થવાનો સંભવ રહે છે. તેમાનું કારણ અહીંની આપણી જ્ઞાતી સાથે સંબંધ રાખનાર જ્ઞાતીવાળાઓમાં કંન્યા વીક્રય થવાનો રીવાજ બળ પામતો જાણાયાથી તેમ નહીં બનવા અહીંથી ઠરાવ થઇ ઘણી વખત સમજુતો આપવામાં આવી, લેકીન તેવાં કૃત્ય કરનાર પૈસાની તથા સંબંધીઓની હીમત મદદ થશે સમજી પોતાના વીચાર બદલતા નથી. આ મોટી અફસોસી છે સબબ વરકંન્યાના લગ્નના સંબંધમાં આપવા લેવાની રીતો બાબતની યાદી નં. ૧ ની આગળ બતાવવામાં આવેલી છે તે વીરૂધ કોઇ કંન્યાનો બાપ વરતી કંન્યા વીક્રય કરશે તેને વરસ ૭ સુધી જ્ઞાતીથી દુર રહી રૂ૧૦૦૦) જ્ઞાતી મર્યાદા તોડયા બદલ આપવા પડશે. સદરહુ પ્રમાણેનું કૃત્યકરનારનો કોઇ સગો, સંબંધી, સ્ને-

હી પક્ષ કરી આ રૂલના નીમ વીરૂધ કંન્યા વીક્રયના કામમાં નીમ તોડાવવા કોશીસ કરશે ને તે વાત સાબીત થશે તો તેવા માણસને માસ ૬ સુધી જ્ઞાતીથી દુર રહી રૂ૨૦૦) મર્યાદા તોડયા બદલ આપવા પડશે.

(૫૭) કેટલીએક જગોએ જુજ નજીવાં બાંહાંનાંથી સ્ત્રીઓ ઉપર ઘાતકીપણાની રીતે જુલમ ગુજરતો સંભળાય છે. આવા કામનો અટકાવ કરવાનું કામ રાજ કરતાઓનું છે. પરંતુ ઉંચ જ્ઞાતીમાં ધણી ધણીઆણીના સંબંધમાં આબરૂનું અભીમાન રાખી તથા આગળ ચાલવાના સંસારમાં નુકસાન સમજી તેવી બાબતોમાં ખામોસ થતી હોય એવો અનુમાન થાય છે. માટે આવી બાબતો વ્રધી પામે નહીં ને સરવે બાળગોપાળ નીરંતર સુખીમાં રહે એવી ઇછા છે તો આયંદે એ ચાલ બંધ થવો જરૂર જણાય છે.

(૫૮) અધ્યક્ષ, સીલકદાર, હીસાબ રાખનાર, ક્યાંમેટી અથવા તેમાંના કોઇ પણ મેંબરને પ્રસંગાનુસાર અગર મરજીમાં આવે ત્યારે બદલવાનો અધીકાર જ્ઞાતીને છે.

(૫૯) અધ્યક્ષના દરએક બાબતમાં બે મત ગણાશે. માટે સીલકદાર, હીસાબ રાખનાર, ક્યાંમેટીના મેમબરો આ સરવે તેના માન્યમાં વ્રધી થાએ એવી ઇછાની સાથે તેમનો મત લેતા જવો જોઇયે.

(૬૦) ખંભાતની જ્ઞાતીની સાથે નીચે દરસાવેલા ગામોના આ જ્ઞાતીમાં નામ ધરાવી સંબંધ રાખનાર સરવેને આ નીમ લાગુ છે એમ માનવામાં આવશે.

વટાદરા.	ભુરાકોઇ.	કાંધરોટી.	કણભા.
પીપળોઇ.	જંત્રાલ.	ખડોધી.	ધુવારણ.
વીરસદ.	ધરમજ.	દેહેવાણ.	કરસમલ.
ગુડેલ.	બામણવા.	ઝાઝ.	છીણજ.
વાસણું.	નગરૂ.	ઉનેલ.	કલોદરા.

દંતેલી.

(૬૧) જ્ઞાતીના નામથી થએલા તથા હવે પછી થશે તે ઠરાવ સંબંધી કોઇ માણસ ક્યાંમેટી એટલે પંચ અથવા જનરલ ક્યાંમેટી એટલે સર પંચ નાને જ્ઞાતીના અનુમત શીવાએ કાંઇ આજ્ઞા આપી શકશે નહીં. વીરૂધ વરતણુક થશે તો તે મંજુર નહીં ગણાતાં યોગ્ય વીચાર કરવા જનરલ ક્યાં

કમીટીને તથા જ્ઞાતીને અખ્તીઆર છે.

(૬૨) સદરહુ રૂલની કલમ ૬૦ ના નીચે જે ગામોનાં નામ દરસાવેલાં છે તેમાંના ટોળકીઆ પૈકી કેટલાએક (બેતાળી) તથા સીસવા ભાદરણ (પરચોરે) આ નામના સંભાના બ્રાહ્મણોમાં સામેલ રહી ફક્ત લાણાં લેવા તથા જંબાના કારણસર અહીં સંબંધ રાખતા હોય એવું વારંવાર જ્ઞાતીમાં જાહેર થાય છે ને તેઓ જ્ઞાતીની તથા પંકતીની મોટી જમણવારોમાં પોતાનાં ઘરનાં માણસો શીવાય બીજા ગામોવાળાને જંબા તેડી લાવે છે. આ રીવાજ હોય ને જારી રહે તો જમણવાર કરનારને નુકસાનકારક છતાં કંઈવખતે કેવો બ્રાહ્મણ આવી જમી જાય તેનો આધાર વખતસર મળી શકે નહીં, ને તેમ થાય તો આ જ્ઞાતીમાં કંઇ તજવીજ યા બંદોબસ્ત નથી એવી અપકીરતી થાય. માટે સદરહુ ગામોવાળાઓમાં આ ઠરાવ ચાલુ થયાની તારીખ પછી જેના તરફથી બંને બાજુમાં રહી અહીં નુકસાન કરવા તથા મર્યાદાને એબ લગાડવા જેવા કૃત્ય જણાઇ આવશે તો તેને ૧ વરસ સુધી જ્ઞાતીથી દુર રહી રૂ૨૦૦) મર્યાદા તોડ્યા બદલ આપવા પડશે.

(૬૩) આ સ્વસ્થાનના જ્ઞાતી ભાઇઓ કારણસર જે જે પ્રદેશમાં રહે છે તેઓમાં જેવી રીતે પોતાની જ્ઞાતીનું, કુટુંબનું, કુળનું અભીમાન રાખવામાં આવે છે. તે પ્રમાણે કૃપા કરી સ્વધર્મ રક્ષાણાર્થે આ નીમસર વરતવાની પ્રેરણા રહેલી જગોમાં અંતસકરણ પુરવક રેહેવી જોઇયે એવો પ્રાર્થના છે. તેની સાથે કંઇ સુધારવા યોગ્ય સુચના આપવામાં આવશે તો તે ઉપકારની સાથે માન્ય કરી તે ઉપર ઘટતા વીચારો થશે.

સુધ બુધીથી અંતસકરણ પુરવક જ્ઞાતીમાં બાળગોપાળનું સુભ ઇછિવા તથા સ્વધર્મને ઉત્તેજન મળવાની ગોઠવણો સારૂ આ પ્રસંગે પરમ કૃપાળુ પરમેશ્વરે સરવેના રદયમાં એકાગ્રહપણું પ્રાપ્ત કરેલુ જોઇ સુચનાર્થ તરીકે પ્રાર્થના છે કે સમયકાળ ઉપર નજર રાખી રોજગાર ધંધાના માન વીશે વીચારમાં લેઇ જ્ઞાતી વરાના થતા ખરચો શકતી ઉપરાંત છે કે નહી, ને હોય તો પ્રસંગાનુસાર યોગ્ય નજરમાં આવશે તો જ્ઞાતીએ મરજીનરૂપ વિચારમાં લેવું જોઇએ.

જ્ઞાતીમાં લાણાંની બાબતોમાં પક્ષપાતોથી ઘણીજ અંધાધુંધી ચાલે છે કે જેથી નહીં આપવાની જગોએ અપાય છે તેમ આપવા લાયકના હકદાર લોકોની દાદ લાગતી નથી. આ ઘણી અગત્યની બાબત છે માટે એ વીશે કમીટીએ ધ્યાનમાં લેવું જરૂર જણાય છે.

શેરો.

સંવત ૧૯૩૮ ના મહા વદી ૭ ને વાર સુકર આજ રોજે જ્ઞાતી સમુદાયં શ્રી ચામુંડા માતાજીના દેવાળયમાં હમેશાની જગોએ મળેલો હતો તેમાં જ્ઞાતીના સુભ કાર્યોના બંદોબસ્તનો ટોળકીયા જ્ઞાતીનો રૂલ એ નામનો આ ધારો વકીલ કૃપાશંકર પ્રભાશંકરે જ્ઞાતીને અરપણ કરયો બાદ સમુદાયની આજ્ઞાથી સદરહુ રૂલ વઇદ છોટાલાલ હરીવલભે વાંચી સંભળાવ્યો. તેમાં સુકલ રતનેશ્વર જગનદને બે પ્રશ્નોના ખુલાસા માગવાથી તેમના મનનું સમાધાન કરયા બાદ જ્ઞાતી સમુદાયે આ રૂલ ઘણા માન્યની સાથે મંજુર કરી વકીલ કૃપાશંકર પ્રભાશંકરને એની ચોપડીઓ છપાવવા સારૂ આપ્યા બાદ જ્ઞાતીના વ્યાસ ભાઇશંકર રેવાશંકર તથા સુકલ રામશંકરે રૂલ શીવાયની કાંઇ તકરારો ઝાહેર કરવા અરજ કરી પરંતુ આ પ્રસંગમાં બીજી તકરારો સાંભળવી નહીં એવા ઠરાવની સાથે જ્ઞાતી સમુદાય મળેલો છે માટે તેમની ખુશી હોય તો ઇલાયદે દીવસે સમુદાય મેળવી પોતાના ખુલાસા મેળવવાનો રૂબરૂ ઠરાવ કહી સંભળાવી ચામુંડા માતાજીની જેએ બોલાવી જ્ઞાતી બરખાસ થઇ. જ્ઞાતી સમસ્તની આજ્ઞાથી આ શેરો લખનાર ભટ છોટાલાલ હરીવલભ વઇદ આ શેરા નીચે જ્ઞાતી સમુદાયના તરફથી સહી કરવા સારૂ હમેશાના દસ્તુર પ્રમાણે જ્ઞાતીના પટેલ પંડયા કીપાશંકર રૂપરામને જ્ઞાતીએ આજ્ઞા કરી છે.

નાત સમસ્તની વતી (સહી.) પંડયા કીરપાશંકર રૂપરામ.

આ ખરડો શ્રી ચાંમુડા માતાજી સાનીધ્ય જ્ઞાતી ભાઇઓ આજરોજ એકઠા મળ્યા તે વખને જ્ઞાતીની આજ્ઞાથી પંડયા કૃપાશંકર પ્રભાશંકર વકીલે ભટ છોટાલાલ હરીવલભ વઇદ પાસે વાંચી સંભળાવ્યો તે મંજુર કરવામાં આવ્યો છે. સંવત ૧૯૩૮ માહા વદ ૭ ને સુકરવાર.

સહી. પંડયા કૃપાશંકર રૂપરામ	,, પંડયા છોટાલાલ રામચંદર.
,, વ્યાસ મણીશંકર ભોળાનાથ.	,, પંડયા વજેશંકર ગીરજાશંકર
,, પંડયા બાપુ લક્ષ્મીરામ વડો દરાવાળા.	,, ઉપાધ્યા શ્રીકૃષ્ણ મયાશંકર.
,, પંડયા ગણપતરામ દયારામ.	,, પંડયા માધવરામ દલપતરામ. વડોદરાવાળા.

,, પંડયા ગંગાશંકર શીવરામ ધોળકાવાળા.
,, ઉપાધ્યા શ્રીકૃષ્ણ લક્ષ્મીરામ.
,, સુકલ રણછોડ જેષ્ટારામ.
,, સુકલ ગીરજાશંકર દયાશંકર.
,, પંડયા દેવશંકર બેહેચર.
,, તરવાડી છગનલાલ અનુપરામ
,, ભટ શોભારામ નીત્યાનંદ.
,, વ્યાસ કામેશ્વર શીવલાલ.
,, પંડયા મગન પરસોતમ.
,, પંડયા દયાશંકર ત્રંબકરામ.
,, ભટ શીવલાલ અનુપરામ.
,, પંડયા ભાઇશંકર મુગટરામ.
,, મેહેતા કાળીદાશ મોતીરામ.
,, પંડયા મહાશંકર ભાઇરામ.
,, પંડયા નાથાલાલ લલુભાઈ.
,, પંડયા પ્રાણશંકર માહેશ્વર.
,, પંડયા કૃપાશંકર પ્રભાશંકર વકીલ.
,, પંડયા છગન રવીશંકર.
,, પંડયા જીવણરામ દુલભરામ.
,, વ્યાસ જગનનાથ રાજારામ.
,, વ્યાસ નહાનાભાઇ સુખરામ.
,, ભટ પરસોતમ અંબારામ.
,, પંડયા પરસોતમ મયાશકંર.
,, પંડયા દલપત લલુભાઈ ઘર મજવાળા.
,, ઉપાધ્યા નહાનાભાઇ હરજીવન
,, ઉપાધ્યા બેહેચર દામોદર.
,, મહારાજ નહાનાભાઇ રવીશંકર
,, પંડયા રૂપશંકર ભાઇશંકર.
,, પંડયા શીવારામ જીવશંકર.
,, વઇદ લલુભાઇ છનુભાઇ.
,, જાંની લલુભાઇ નથુભાઇ.
,, પંડયા દામોદર મોતીરામ.
,, સુકલ જયશંકર ભગવાનજી.
,, ઉપાધ્યા છોટાલાલ રામનારાયણ.
,, પંડયા ગભા દેવશંકર.
,, પંડયા ગણપતરામ પ્રભાશંકર.
,, ઉપાધ્યા ગભલ મુળશંકર.
,, પંડયા નાથા હરગોવન.
,, પંડયા રેવાશંકર જેશંકર.
,, પંડયા સંભુરામ પ્રાણનાથ.
,, પંડયા છગનલાલ હરીશંકર.
,, પંડયા હરીશંકર મયારામ.
,, વ્યાસ અંબારામ ત્રંબકરામ. વસઇ થાણા.
,, પંડયા દયાશંકર ઉમીયાશંકર
,, પંડયા મંગળ જેશંકર.
,, જાંની પ્રાણજીવન લક્ષ્મીરામ.
,, તરવાડી પ્રાણશંકર શીવરામ.
,, વ્યાસ નરોતમ પરસોતમ.
,, મગનલાલ બેહેચરભાઇ ખેડાવાળો.
,, ઉપાધ્યા જેશંકર કરૂણાશંકર.
,, ઉપાધ્યા મયાશંકર લક્ષ્મીરામ વસઇ થાણા.
,, પંડયા મણીશંકર કૃષ્ણારામ.
,, પંડયા મગનલાલ દામોદર.
,, ભટ પરસોતમ રાજારામ.
,, પંડયા રવીશંકર ઘેલાભાઇ.
,, પંડયા છગનલાલ ગંગારામ.

રૂલની કલમ ૪ પ્રમાણે.

શ્રી ચામુંડા માતાજી સદા સહાય હજો.

આપણી ટોળકીઆ જ્ઞાતીમાં સંવત ૧૯૧૧ થી તે સંવત ૧૯૩૬ ના માહા વદ સુધીમાં જે જે ખરચ થયા તે બાબતના હીસાબનુ તપસીલવાર નીચે મુજબ તથા હવે પછી થવાના ખરચ વીશે.

અનુક્રમ નંબર.	મીતી, માસ ને સંવત.	કેવા કારણસર.	કોની મંજુરીથી.	ખરચ થયાનો આંકડો.	ખરચ કરવા સારૂ અગેજ ઉપાડનારની સહી.	કોને આપ્યા તેનું નામ અથવા સરજાય તેવું વર્ણન.	
૧	૨	૩	૪	૫	૬	૭	૮

રૂલની કલમ ૪ પ્રમાણે.

શ્રી ચામુંડાજી સદા સહાય હજો.

ટોળકીઆ જ્ઞાતીમાં ૧૯૧૧થી તે સંવત ૧૯૩૬ના માહા વદ સુધીમાં ઉપજ આવેલી તે અનુક્રમ નંબરવાર કોના તરફથી કેવા કારણસર કેટલી તેમાં વસુલ તથા બાકી ને તે રેહેવાનું કારણ, વસુલ કોણે લીધું તે ક્યાં છે તથા માફ તથા બાકીનું કારણ એ બાબતની તપસીલવાર સમજુતીનું બુક સદરહુ હીસાબ બંધ થયા બાદ નવીન હીસાબ રાખવાનો નમુનો આગળ નંબર ૨ માં દાખલ કરયો છે.

નંબર અનુક્રમ.	મીતી, માસ, સંવત.	આપનારનું તથા તેના બાપનું નામ તથા ગામ.	આપવા બાબતનું સુક્ષ્મ વર્ણન.	ઠરાવના રૂપીઆની વસુલાત.				કુલ વસુલ રૂા.	કોની પાસે આપ્યા થા તે લેનારની સહી.	ક્યાં જમાં થયા.	માફ થવાનું તથા બાકી રેહેવાનું કારણ.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨